ક્રમાંકઃજીઆઈડીસી/વિતરણ/ગુડ ગવર્નન્સ/ ૫૧
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખઃ– ૧૮–૧૨–૨૦૧૨

# //પરિપત્ર//

ગુડ ગવર્નન્સ પ્રોજેક્ટ અંતર્ગત નિગમ ધ્વારા ટુ(આર) હેઠળની નિગમની પરવાનગી મેળવવાની અરજી ઓનલાઈન કરવા સારુ સીસ્ટમ વિકસાવવામાં આવેલ છે જે અનુસાર સપ્ટેમ્બર–૨૦૧૩ થી દરેક ક્ષેત્રીય કચેરીઓ ધ્વારા ટુ(આર) પરવાનગી મેળવવા અંગેની અરજીઓ માત્ર ઓનલાઈન સ્વીકારવા અર્થે અગાઉ સુચનાઓ જારી કરવામાં આવેલ છે.

ટુ(આર) પરવાનગી આપવા અંગે વિકસાવવામાં આવેલ કોમ્પ્યુટરાઈઝડ સીસ્ટમ મારફતે સંબંધિત ક્ષેત્રીય કચેરીઓના હિસાબી અધિકારીશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નિર્દિષ્ટ વિસ્તાર અધિકારીશ્રી વગેરેનું "નો ડયુ" સર્ટીફીકેટ મેળવવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે નિગમની જે વસાહતોમાં નિગમ ધ્વારા પાણી પુરવઠો કે ડ્રેનેજની સુવિધા આપવામાં આવતી નથી તેવી વસાહતોમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીનું "નો ડયુ" સર્ટીફીકેટ મેળવવું જરુરી જણાયું નથી.

આથી, ટુ(આર) પરવાનગી મેળવવા અંગેની ઓનલાઈન સીસ્ટમમાં, હવે પછી, પરિપત્ર પાછળ દર્શાવેલ ૨૨ વસાહતો પુરતુજ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાંથી "નો ડયુ" સર્ટીફીકેટ મેળવવાનું રહેશે. આ સિવાયની વસાહતોમાં અન્ય કોઈ ડયુઝ લેવાના થાય તો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ આવા ડયુઝ અલગથી લેવાના રહેશે અને તેને ટુ(આર) પરવાનગી મેળવવા અંગેની ઓનલાઈન સીસ્ટમ સાથે જોડવાના રહેશે નહી જે મુજબ, સંબંધિત તમામ કચેરીઓએ કાર્યવાહી કરવા સુચના પાઠવવામાં આવે છે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીઓ તરફ

**નકલ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન.......આ યોજનાની જાણ દરેક ઉદ્યોગકારોને નોટીસથી તેમજ પરિપત્રથી કરવા વિનંતી.
(૨) નિગમના તમામ ઔદ્યોગિક વસાહતો મંડળો તરફ જાણ સારુ.
(૩) મેનેજરશ્રી (માર્કેટીંગ), જી.આઈ.ડી.સી.ગાંધીનગર..........આ યોજનાનો બહોળો પ્રચાર થાય તે રીતની જાહેરખબર આપવા સારુ.
(૪) મેનેજર(એસએન્ડએ), જી.આઈ.ડી.સી.ગાંધીનગર.......... વેબસાઈટ ઉપર મુકવા સારુ.

**રવાના કર્યુંઃ–**

**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**
**જી.આઈ.ડી.સી.ગાંધીનગર**

| ક્રમ | વિસ્તારનું નામ | વસાહતનું નામ | પાણી પુરવઠા યોજના | ડ્રેનેજ યોજના |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | એપેરલ પાર્ક | ✓ | --- |
| ૨ | અમદાવાદ | સાણંદ (બોળ) | ✓ | --- |
| 3 | અમદાવાદ | છારોડી | ✓ | --- |
| ૪ | અંક્લેશ્વર | વિલાયત | ✓ | ✓ |
| ૫ | અંક્લેશ્વર | દહેજ | ✓ | ✓ |
| ૬ | અંક્લેશ્વર | દહેજ-અટાલી | ✓ | હાલમાં ડ્રેનેજ યોજના નથી ભવિષ્યમાં કાર્યરત થશે. |
| ૭ | અંક્લેશ્વર | દહેજ-૨ | ✓ | ✓ |
| ૮ | અંક્લેશ્વર | દહેજ-3 | ✓ | ✓ |
| ૯ | અંક્લેશ્વર | સાયખા | ✓ | ✓ |
| ૧૦ | અંક્લેશ્વર | પાનોલી | ✓ | ✓ |
| ૧૧ | અંક્લેશ્વર | ઝઘડીયા | ✓ | ✓ |
| ૧૨ | વડોદરા | સાવલી | ✓ | --- |
| ૧૩ | ગાંધીનગર | ભાટ | ✓ | --- |
| ૧૪ | ગાંધીનગર | એસઈઝેડ-ગાંધીનગર | ✓ | --- |
| ૧૫ | ગાંધીનગર | ગાંધીનગર મેગા આઈટી | ✓ | --- |
| ૧૬ | મહેસાણા | સિધ્ધપુર | ✓ | --- |
| ૧૭ | ભાવનગર | દામનગર | ✓ | --- |
| ૧૮ | સુરત | એપરલ પાર્ક-સુરત | ✓ | --- |
| ૧૯ | ભુજ | ભુજ | ✓ | --- |
| ૨૦ | વિયુનગર | માતર | ✓ | --- |
| ૨૧ | વાપી | વાપી | - | ✓ |
| ૨૨ | વાપી | સરીગામ | - | ✓ |

કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)